

**માતૃભાષાની મમતા**

મહામના પંડિત મદનમોહન માલવીયજીના જીવનની એક ઘટના છે.

આપણા દેશના એ પ્રખર વિદ્વાનનું ઉમદા હૃદય દેશદાઝની કેવી ઉત્કટ  લાગણીથી ભરેલું હતું !આપણો દેશ એ વખતે અંગ્રેજોના શાસન હેઠળ હતો.

માત્ર અંગ્રેજી રાજયની જ નહીં, પરંતુ અંગ્રેજી ભાષાની ગુલામી પણ સૌને સદી ગઈ હતી.

ઈ.સ. ૧૯૩૭ કે ૧૯૩૮ ની સાલ

પ્રયાગ વિશ્વવિદ્યાલય 'અલ્હાબાદ યુનિવર્સિટી'નો પદવીદાન સમારંભ યોજાયો હતો. તેના અતિથિવિશેષ તરીકે માલવીયજીની વરણી થઈ હતી.

સમારંભનો સમય થયો, એટલે વિશ્વવિદ્યાલયના સંચાલકો, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ આપણા દેશના આ મહાવિદ્વાનનું માંગલિક પ્રવચન સાંભળવા આતુર બન્યા હતા. અત્યાર સુધી આવે પ્રસંગે અંગ્રેજ વિદ્વાનોનાં જ વ્યાખ્યાન ગોઠવાતાં અને અંગ્રેજ વિદ્વાનો ઉપલબ્ધ ન હોય તો જ અંગ્રેજી ભાષાના મહત્ત્વમાં માનતા આપણા દેશી  વિદ્વાનોનાં  વ્યાખ્યાનો યોજાતાં.

આ પહેલો જ પ્રસંગ હતો જયારે દેશદાઝથી ભરેલા એક મહાવિદ્વાનની પ્રેરકવાણી આવા સમારંભમાં પહેલવહેલી થવાની હતી.

એ વાણી સાંભળવા સૌ એકત્ર થયા.

અંગ્રેજી ભાષાના પ્રભુત્વથી અંજાઈ ગયેલા આપણા કેટલાક વિદ્યાર્થીઓને તો થતું હતું, માલવીયજી કેવું સરસ અંગ્રેજી બોલશે !'

પરંતુ વિદ્યાર્થીઓની આશા ધૂળમાં મળી.

માલવીયજીએ તો આપણી રાષ્ટ્રભાષા હિંદીમાં જ વાક્પ્રવાહ વહેતો કર્યો.

અંગ્રેજીના ભક્ત છોકરાઓને તો આ બધું ફિક્કું લાગવા માંડયું

એક છોકરો તો વચમાં જ ઊભો થઈ ગયો ને બોલવા લાગ્યો :

'સાહેબ, અંગ્રેજીમાં બોલો. અમે આપની હિંદી સમજી શકતા નથી.'

આથી માલવીયજીને બહુ લાગી આવ્યું. પોતે સરસ હિંદીમાં બોલતા હતા.

પોતે અંગ્રેજી પણ સરસ બોલી જાણતા હતા. છતાં, આપણી રાષ્ટ્રભાષા હિંદીની શાન વધારવા ખાતર તેમણે હિંદીનું માધ્યમ પસંદ કર્યું હતું.

જો કે માલવીયજીને પોતાને ખબર હતી જ કે તત્કાલીન અંગ્રેજી રાજયના ખાંધિયા જેવા લોકોને, કોઈ પણ વ્યક્તિ હિંદીમાં  વિશ્વવિદ્યાલયનું દીક્ષાંત પ્રવચન કરે તે પસંદ ન હતું.

એ રીતે વિશ્વવિદ્યાલયના સંચાલકગણને પણ માલવીયજીનું હિંદી પ્રવચન પસંદ નહોતું. પરંતુ ખુદ અંગ્રેજી સરકાર સામે બાથ ભીડી એ નીડર નરપુંગવ માટે આ બધી વાતો ક્ષુલ્લક હતી. દેશાભિમાન તેમને મન પ્રથમ વાત હતી.

કોઈના પણ વિરોધને ગણકાર્યા વિના તેમણે પોતાની વિદ્વત્તાભરી હિંદીમાં પ્રવચન ચાલુ જ રાખ્યું. તેમની વાક્છટા હિંદી વ્યાખ્યાનમાં પણ કમાલ કરતી હતી. તોપણ વિરોધ ચાલુ જ રહ્યો.

એટલે વચમાં અટકીને એ દેશભક્ત નેતાએ નમ્રતાથી ખુલાસો કર્યો : હું અંગ્રેજીમાં મારું વક્તવ્ય વધુ સારી રીતે રજુ પણ કરી શકું. પરંતુ આવી ચીલે ચીલે ચાલી જતી પુરાણી પ્રથા સામે મારો સખ્ત વિરોધ છે.આવી અનર્થકાર પ્રથાને હું તોડવા માગું છું. શું આપણી હિંદી ભાષામાં વ્યાખ્યાન ન થઈ શકે? આપણી માતૃભાષા હિંદી પણ અંગ્રેજી જેટલી જ ક્ષમતા ધરાવે છે એ હું આપ સૌને બતાવવા ચાહું છું. માટે જરા ધીરજ રાખો. ધીરે ધીરે તમારા કાન આ માટે ટેવાઈ જશે; ને મારી બધી વાત તમારી સમજમાં આવશે.'

માલવીયજીના આવા વિનમ્ર ને સાચા ખુલાસા આગળ વિરોધનો વાવંટોળ શમવા લાગ્યો ને પછી માલવીયજીનું દીક્ષાંત–સમારંભનું હિંદી વ્યાખ્યાન અનોખું વ્યાખ્યાન બની રહ્યું.

**લેખક :– શિવંસુંદરમ્**